Tuesday
30.06.2026
*Volume :10 * Issue No.354
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# "૨૦૧૪ પછી દેશમાં ગરીબ કલ્યાણના એક નવા યુગની શરૂઆત થઈ: વડાપ્રધાનશ્રીના પારદર્શી શાસન થકી દિલ્હીથી નીકળેલો પૂરેપૂરો રૂપિયો આજે સીધો ગરીબોના બેંક ખાતામાં જમા થાય છે" : કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ

## ગાંધીનગર લોકસભા ક્ષેત્ર માટે 'પીએમ ફેમિલી ટ્રેકર' અને 'હેલ્થ પાસપોર્ટ' સેવાનો પ્રાયોગિક પ્રારંભ








### :-કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ:-

- દેશના ઇતિહાસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સર્વાંગી અને સર્વસ્પર્શી વિકાસની નવી વ્યાખ્યા અંકિત કરી છે
- નરેન્દ્ર મોદી સરકારે ૧૨ વર્ષમાં દેશના ૭૦ કરોડ ગરીબોનું જીવનસ્તર ઊંચું લાવીને પાંચ-પાંચ પેઢીઓનું સપનું સાકાર કર્યું.
- જન્મ-મૃત્યુ, સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ જેવા તમામ વિભાગોને એકીકૃત કરતું પીએમ ફેમિલી ટ્રેકર છેવાડાના બાળક સુધી કલ્યાણ યોજનાઓ પહોંચાડશે.


















### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- પી.એમ. ફેમિલી કેર ટ્રેકર તથા બાળકોના હેલ્થ પાસપોર્ટ એ દરેક પરિવારની આરોગ્ય રક્ષાની સંવેદનશીલ અને સુગ્રથિત વ્યવસ્થા છે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સારવાર આધારિત વ્યવસ્થાથી આગળ વધીને હોલિસ્ટિક હેલ્થકેરનો અભિગમ અપનાવ્યો છે

કમલમ્, ગાંધીનગર

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભા મતવિસ્તાર માટે એક વિશેષ સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ 'પીએમ -ફેમિલી કેર ટ્રેકર'-PM-FCT પાયલોટ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૪ એ ભારતના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ વર્ષ છે. આઝાદીના ૧૦૦ વર્ષનો ઈતિહાસ જ્યારે પણ લખાશે, ત્યારે તેના બે સ્પષ્ટ ભાગ હશે, ૨૦૧૪ પહેલાંનું ભારત અને ૨૦૧૪ પછીનું ભારત. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની શિક્ષણનીતિ, અર્થતંત્ર અને ઔદ્યોગિક વિકાસ સહિત દરેક ક્ષેત્રમાં દીર્ઘકાલીન આયોજન સાથે આમૂલ પરિવર્તન આવ્યું છે. હવે વડાપ્રધાન શ્રીના પારદર્શી શાસન થકી દિલ્હીથી નીકળેલો રૂપિયો આજે સીધો ગરીબોના બેંકખાતામાં જમા થાય છે. ગાંધીનગર લોકસભા ક્ષેત્ર ખાતેથી પ્રાયોગિક ધોરણે 'પીએમ ફેમિલી ટ્રેકર' અને 'હેલ્થ પાસપોર્ટ' યોજનાનો શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ કોમન આઈડેન્ટિટી સિસ્ટમથી શાસનની કામગીરી વધુ સુદ્રઢ બનશે અને કોઈ પણ પાત્રતા ધરાવતા લાભાર્થી લાભથી વંચિત નહીં રહે. ગૃહમંત્રી શ્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના પોતાના અનુભવો વણી લેતા દારુણ ગરીબીનો ચિતાર આપ્યો હતો અને ઉમેર્યું હતું કે, મોદી સરકારે દેશના ૭૦ કરોડ ગરીબોને ઘર, વીજળી, નળથી જળ, શૌચાલય, ગેસ સિલિન્ડર, મફત અનાજ અને ૫ લાખ સુધીની મફત સારવાર આપીને પાંચ-પાંચ પેઢીઓનું સપનું માત્ર ૧૨ વર્ષમાં પૂરું કર્યું છે. મહાત્મા ગાંધીના 'રામરાજ્ય'ની વ્યાખ્યાને સાર્થક કરતા તેમણે કહ્યું કે, માત્ર યોજનાઓ બનાવવી પૂરતી નથી, પરંતુ પ્રજાની ચિંતા, કાળજી અને માવજત કરવી તે સાચું શાસન છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આ જટિલ સિસ્ટમ અને સોફ્ટવેર તૈયાર કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને સમગ્ર વહીવટી તંત્રની ભારે પ્રશંસા કરી હૃદયપૂર્વક અભિનંદન પાઠવી નવતર પ્રયોગ વિશે માહિતી આપતા જણાવ્યું કે, આ ટ્રેકરના માધ્યમથી જન્મ-મૃત્યુ, સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સમાજ કલ્યાણ જેવા તમામ વિભાગોના ડેટાબેઝને એક કોમ્પ્યુટર પ્રણાલીમાં સાંકળી લેવાયા છે. કોઈ બાળક રસીકરણથી વંચિત રહી જશે કે કોઈ બાળકી શાળાએ જવાનું બંધ કરશે, તો તુરંત જ સિસ્ટમમાં એલર્ટ થશે. સ્થાનિક અધિકારીઓથી લઈને ધારાસભ્ય અને સાંસદ સુધી નામ ફ્લેશ થતાં જ સ્વયંસેવકો અને તંત્ર બાળકના ઘરે પહોંચી તેની સુવિધા સુનિશ્ચિત કરશે. માતાના ગર્ભથી લઈને ૧૬ વર્ષના બાળક સુધીના સ્વાસ્થ્ય અને પોષણનું આઈટી માધ્યમથી સચોટ ટ્રેકિંગ થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકર અને બાળકોના હેલ્થ પાસપોર્ટને દરેક પરિવાર માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેની આરોગ્ય રક્ષાની સંવેદનશીલ અને સુગ્રથિત વ્યવસ્થા ગણાવી હતી. તેમણે જણાવ્યું કે, આ યોજના ગર્ભથી ગૌરવપૂર્ણ યુવાની સુધી બાળક અને માતાના જીવનને સુરક્ષિત, સ્વસ્થ અને આરોગ્ય સમૃદ્ધ બનાવવાના નવા યુગની શરૂઆત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વસ્થ નાગરિકને વિકસિત રાષ્ટ્રની સૌથી મોટી શક્તિ ગણાવી છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, તેમના નેતૃત્વમાં આરોગ્ય ક્ષેત્રમાં ભારતે સારવાર આધારિત વ્યવસ્થાથી આગળ વધીને હોલિસ્ટિક હેલ્થ કેરનો અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાનશ્રીએ પ્રિવેન્ટિવ હેલ્થકેર, પ્રોમોટિવ હેલ્થકેર, એફોર્ડેબલ હેલ્થકેર અને ડિજિટલ હેલ્થકેર એમ ચાર મુખ્ય આધાર સ્તંભથી ૧૪૦ કરોડ દેશવાસીઓના સર્વગ્રાહી આરોગ્ય સુખાકારીની ચિંતા કરી છે એમ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્વસ્થ બાળક - સ્વસ્થ પેઢીનો ઉદ્દેશ પાર પાડવામાં ગુજરાતે માતા અને બાળ આરોગ્ય સંભાળ તથા પોષણ ક્ષેત્રે કરેલી મહત્વપૂર્ણ કામગીરીની ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે નમોશ્રી યોજનામાં જરૂરતમંદ અને સગર્ભા -ધાત્રી માતાઓને રૂ. ૧૨ હજાર સુધીની સહાયની તેમજ જિલ્લાઓમાં ડે કેર સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર, કેન્સર સારવાર તથા કાર્ડીયાક સર્જરી અને કિડનીના રોગોની સારવારની ઉપલબ્ધીની વિગતો આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માતા અને બાળ મૃત્યુદર ઘટાડવામાં, કુપોષણ નિવારવામાં અને અદ્યતન આરોગ્ય રક્ષા કવચની સુવિધા આપવામાં પી.એમ. ફેમિલી કેર ટ્રેકર અને હેલ્થ પાસપોર્ટ નવા માઈલ સ્ટોન પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આજના ગૌરવવંતા કાર્યક્રમમાં સૌનું શાબ્દિક સ્વાગત કરતાં આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે આરોગ્ય ક્ષેત્રે દેશભરમાં મોડેલ રાજય તરીકે પ્રસ્થાપિત થયું છે. વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી ગુજરાતના આરોગ્ય, મહિલા અને બાળ વિકાસ તેમજ શિક્ષણ વિભાગના સંયુક્ત સમન્વયથી 'પીએમ ફેમિલી કેર ટ્રેકર' પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત ગાંધીનગરથી થઈ રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ગુજરાતના આરોગ્ય વિભાગ પર મૂકેલા વિશ્વાસ બદલ આભાર માનતાં તેમણે ઉમેર્યું કે, આ ડિજિટલ પ્લેટફોર્મ માત્ર ગાંધીનગરમાં જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યમાં સંવેદનશીલ અભિગમ સાથે સફળતાપૂર્વક કાર્યરત થશે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યનું એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરાશે. બાળકના જન્મથી જ એક વિશેષ કાર્ડ બનશે, જેમાં તેના ૧૮ વર્ષ સુધીના આનુવંશિક અને અન્ય રોગોના નિદાન તથા સારવારની વિગતો ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ રહેશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં ત્રણ દિવસીય પોલિયો નાબૂદી અભિયાન શરૂ થઈ રહ્યું છે ત્યારે ભારત સત્તાવાર રીતે પોલિયો મુક્ત બન્યું છે તે ગૌરવની વાત છે. કોરોના મહામારીમાં પણ સરકારે છેવાડાના વ્યક્તિ સુધી શ્રેષ્ઠ સારવાર પહોંચાડી હતી.

૧૧ પ્રકારના ગંભીર રોગો સામે રક્ષણ આપતી રસીથી એક પણ બાળક વંચિત ન રહે તે માટે આરોગ્ય વિભાગ સંપૂર્ણ કટિબદ્ધ છે અને આ પ્રકલ્પને 'અંત્યોદય' સુધી પહોંચાડવા મજબૂત સંકલ્પબદ્ધ છે. ઉલ્લેખનીય છે કે, આ વિશેષ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે પ્રધાનમંત્રી ફેમિલી કેર ટ્રેકર' યોજનાના પ્રથમ ત્રણ લાભાર્થીઓને સત્તાવાર ડિજિટલ પત્રક એનાયત કરીને પ્રોજેક્ટની સફળ શરૂઆત કરાવવામાં આવી હતી. તેમણે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતા. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય સુરક્ષાના આ મહત્વપૂર્ણ અભિયાન અંતર્ગત, મંત્રીશ્રી દ્વારા 'હેલ્થ પાસપોર્ટ'જારી કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર સ્માર્ટસિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ આગળ વધારતા PM eBus Sewaનું પણ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મેયર શ્રી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશ પટેલ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી ગોવિંદ મોહનજી, આંતરરાજ્ય પરિષદના સચિવશ્રી આશિષકુમાર શ્રીવાસ્તવ, મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપના વગેરે પદાધિકારીઓ, અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હાઇટેક સવારી, ઝીરો પ્રદૂષણ એટલે PM eBus Sewa

# ગાંધીનગરના આંગણે પર્યાવરણ-મૈત્રી પરિવહનનો નવો સૂર્યોદય: શરૂ થઈ 'PM eBus Sewa'

## ઇ-બસો માત્ર પર્યાવરણને જ અનુકૂળ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સવલતની દ્રષ્ટિએ પણ બેજોડ



ખિસ્સાને પરવડે તેવી હાઇટેક સવારીઃ માત્ર ન્યૂનતમ રૂ. ૫ થી મહત્તમ રૂ. ૩૦ ભાડું નિર્ધારિત

કમલમ્,

ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ ભરી રહ્યું છે. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલી 'PM-eBus Sewa' યોજના અંતર્ગત હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આધુનિક, સ્વચ્છ અને ગ્રીન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓનો દબદબાભેર શુભારંભ થઈ ચૂક્યો છે. સમગ્ર દેશના શહેરી વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત અને સુગમ વાહનવ્યવહાર પૂરો પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૭,૬૧૩ કરોડના કુલ અંદાજિત ખર્ચ સાથે આ યોજના અમલમાં મૂકાઈ છે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૨૦,૦૦૦ કરોડનો છે. Public-Private Partnership એટલે કે મોડેલ પર આધારિત આ મહત્ત્વાકાંક્ષી અભિયાન હેઠળ સમગ્ર દેશમાં ૧૦,૦૦૦ ઈલેક્ટ્રિક બસો તૈનાત કરવાનું લક્ષ્ય છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરને કુલ ૧૦૦ ઈલેક્ટ્રિક મિડી બસોની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્થાપિત Gandhinagar Greenline Transport Service Limited - GGTSL મારફતે આ યોજનાનું સફળ અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે, જેના પ્રથમ તબક્કા તરીકે ૪૦ આધુનિક એ.સી. ઈ-બસોને લીલી ઝંડી આપીને નિયમિત રૂટો પર કાર્યરત કરવામાં આવી છે. નાગરિકોની સેવામાં ઉમેરવામાં આવેલી આ નવી ઈ-બસો માત્ર પર્યાવરણને જ અનુકૂળ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સવલતની દ્રષ્ટિએ પણ બેજોડ છે. ૯ મીટર લાંબી આ સંપૂર્ણ એર-કન્ડિશન્ડ મિડી બસોમાં ૨૫ મુસાફરોની બેઠક ક્ષમતા ઉપરાંત ૧૩ મુસાફરો ઉભા રહે એ માટે આરામદાયક સુવિધા ઉપલબ્ધ છે. ખાસ કરીને દિવ્યાંગ નાગરિકો માટે બસમાં હાઈડ્રોલિક રેમ્પ/પ્લેટફોર્મ સહિતની સંપૂર્ણ અક્સેસિબિલિટી સુવિધા આપવામાં આવી છે. આ સાથે જ મહિલા મુસાફરો માટે ૪ બેઠકો અને વરિષ્ઠ નાગરિકો માટે પણ ૪ બેઠકો અનામત રાખવામાં આવી છે. 'ડિજિટલ ઈન્ડિયા'ના સ્વપ્નને સાકાર કરવાના એક નક્કર પગલાં રૂપે તમામ બસોમાં Electronic Ticking Machine -ETM સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી મુસાફરો QR કોડ, UPI અને અન્ય ડિજિટલ-કેશલેસ માધ્યમો દ્વારા સરળતાથી ભાડાની ચુકવણી કરી શકશે. ઈ-બસ સેવાના નિર્વિઘ્ન અને અવિરત સંચાલન માટે સરગાસણ ખાતે અંદાજે રૂ. ૧૭ કરોડના ખર્ચે અત્યાધુનિક ડેપો અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવ્યું છે, જ્યાં આધુનિક ચાર્જિંગ સ્ટેશન, મેન્ટેનન્સ વ્યવસ્થા અને ઓપરેશનલ કંટ્રોલ સિસ્ટમ જેવી ટેકનિકલ સુવિધાઓ ઊભી કરાઈ છે. નાગરિકોની સુવિધા માટે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોને સાંકળતા ૧૮ વૈજ્ઞાનિક ધોરણે આયોજનબદ્ધ રૂટો નક્કી કરાયા છે. આ નેટવર્ક અંતર્ગત સરગાસણ, પાથિકાશ્રમ, સચિવાલય, ગાંધીનગર રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી, ચિલોડા, દહેગામ, કડી, કલોલ, ચાંદખેડા, ધમાસણ, નારદિપુર, સોનિપુર, કોથા, આદરજ મોટી, ટીંટોડા, ગાંધીનગર, ડભોડા અને માણસા સહિતના વિસ્તારોને આવરી લેવાયા છે. સામાન્ય નાગરિકોને પોષાય તેવા હેતુથી મુસાફરીનું ભાડું અંતરના આધારે ન્યૂનતમ રૂ. ૫ થી મહત્તમ રૂ. ૩૦ નિર્ધારિત કરવામાં આવ્યું છે. જેમાં ૩ કિમીથી ઓછા અંતર માટે રૂ. ૫, ૩ થી ૫ કિમી માટે રૂ. ૧૦, ૫ થી ૮ કિમી માટે રૂ. ૧૫, ૮ થી ૧૪ કિમી માટે રૂ. ૨૦, ૧૪ થી ૨૦ કિમી માટે રૂ. ૨૫ અને ૨૦ કિમીથી વધુ અંતર માટે રૂ. ૩૦ ભાડું રહેશે. ગાંધીનગરના નાગરિકો આ નવી સેવાનો ઉત્સાહભેર અનુભવ કરી શકે તે માટે સેવાના પ્રારંભથી પ્રથમ ૧૫ દિવસ સુધી સમગ્ર મુસાફરી સંપૂર્ણ નિઃશુલ્ક રાખવામાં આવી છે અને ત્યારપછી પણ ૫ વર્ષથી ઓછી વયના બાળકો માટે મુસાફરી સર્વદા નિઃશુલ્ક રહેશે. ગાંધીનગર મહાનગરપાલિકા દરેક નાગરિકને સુરક્ષિત, સ્વચ્છ, આરામદાયક અને પર્યાવરણ-મૈત્રી જાહેર પરિવહન સેવા આપવા કટિબદ્ધ છે, જે ગાંધીનગરના સ્માર્ટ સિટી તરીકેના સ્વપ્નને સાર્થક કરીને શહેરી પરિવહનમાં નવા અધ્યાયની ઉજ્જ્વળ શરૂઆત સૂચવે છે.

# કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે "રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંમેલન" માં AI-સક્ષમ 'રૂરલ ઇન્ટરનલ ઓડિટ પોર્ટલ' લોન્ચ કર્યું

**"રૂરલ ઇન્ટરનલ ઓડિટ પોર્ટલ": જોખમ-આધારિત અને અનુપાલન ઓડિટ બંનેને આવરી લેતા આંતરિક ઓડિટના એન્ડ-ટુ-એન્ડ મેનેજમેન્ટ માટેનું આ પ્રકારનું પ્રથમ યુનિફાઇડ ડિજિટલ પ્લેટફોર્મ**




કમલમ્,

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં પૂસા કેમ્પસ ખાતે રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંમેલન દરમિયાન 'રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલ' લોન્ચ કર્યું હતું. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સક્ષમ પોર્ટલ ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં પારદર્શિતા, જવાબદારી અને ટેકનોલોજી આધારિત શાસનને વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. પરંપરાગત ઓડિટ પદ્ધતિઓનું આધુનિકીકરણ કરવા અને ઉભરી રહેલી ડિજિટલ તકનીકોનો લાભ લેવાની જરૂરિયાતને સ્વીકારીને, ગ્રામીણ વિકાસ મંત્રાલયે 'રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલ' વિકસાવ્યું છે — જે જોખમ-આધારિત અને અનુપાલન ઓડિટ બંનેને આવરી લેતા આંતરિક ઓડિટના એન્ડ-ટુ-એન્ડ મેનેજમેન્ટ માટેનું આ પ્રકારનું પ્રથમ યુનિફાઈડ ડિજિટલ પ્લેટફોર્મ છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયના ચીફ કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ (CCA) ની કચેરી દ્વારા કલ્પના કરાયેલ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) ના સહયોગથી વિકસાવવામાં આવેલું આ પોર્ટલ મંત્રાલયની ડિજિટલ ગવર્નન્સ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલે આંતરિક ઓડિટને વિખરાયેલી, કાગળ-સઘન અને મોટે ભાગે મેન્યુઅલ કવાયતમાંથી એક પારદર્શક, ટેકનોલોજી-સક્ષમ અને ડેટા-આધારિત મેનેજમેન્ટ સિસ્ટમમાં પરિવર્તિત કર્યું છે. ઓડિટ આયોજન, અમલીકરણ, રિપોર્ટિંગ, અનુપાલન વ્યવસ્થાપન (compliance management), દેખરેખ અને વિશ્લેષણને એક જ ડિજિટલ ઈકોસિસ્ટમમાં સંકલિત કરીને, આ પોર્ટલે શાસનને મજબૂત બનાવ્યું છે અને ગ્રામીણ વિકાસ કાર્યક્રમોમાં આંતરિક ઓડિટની અસરકારકતામાં વધારો કર્યો છે.

**ઉત્પત્તિ અને વિકાસની યાત્રા**

એક યુનિફાઈડ ઓડિટ મેનેજમેન્ટ પ્લેટફોર્મનો વિચાર પરંપરાગત ઓડિટ પ્રક્રિયાઓ સાથે સંકળાયેલા પડકારોને દૂર કરવાની જરૂરિયાતમાંથી ઉદ્ભવ્યો હતો. આંતરિક ઓડિટ ઘણીવાર વિખરાયેલા રેકોર્ડ્સ, મેન્યુઅલ પત્રવ્યવહાર, વિલંબિત રિપોર્ટિંગ, મર્યાદિત દેખરેખ ક્ષમતાઓ અને વિશ્લેષણ તથા નિર્ણય લેવા માટે ઐતિહાસિક ઓડિટ માહિતીની અપૂરતી ઉપલબ્ધતા દ્વારા વર્ગીકૃત થયેલું હતું. સેન્ટ્રલાઈઝ્ડ રેપોઝીટરી (કેન્દ્રીય ભંડાર) ની ગેરહાજરીને કારણે વારંવાર આવતા અવલોકનોને ટ્રેક કરવા, પ્રણાલીગત જોખમોનું મૂલ્યાંકન કરવું અને સમય જતાં અનુપાલનની દેખરેખ રાખવી પણ મુશ્કેલ બનતી હતી. આ પડકારોનો સામનો કરવા માટે, મંત્રાલયે એક વ્યાપક ડિજિટલ સોલ્યુશનનો વિકાસ શરૂ કર્યો જે પારદર્શિતા, જવાબદારી અને સંસ્થાકીય સ્મૃતિને પ્રોત્સાહન આપવાની સાથે ઓડિટ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરશે. હાલના વર્કફ્લોનું મેપિંગ કરવા અને પ્રક્રિયાના પુનઃ-એન્જિનિયરિંગ માટેની તકો ઓળખવા માટે ઓડિટર્સ, પ્રોગ્રામ ડિવિઝન, ફિલ્ડ ફંક્શનરીઝ અને અન્ય હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કરવામાં આવ્યો હતો. આ પોર્ટલનો પાયલોટ પ્રોજેક્ટ ૧ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ઉત્તર પ્રદેશના ચંદૌલી જિલ્લામાં લોન્ચ કરવામાં આવ્યો હતો. પાયલોટ પ્રોજેક્ટના સફળ સમાપને પ્લેટફોર્મની ક્ષમતાઓને માન્ય કરી અને ઓડિટ વહીવટને બદલવાની તેની સંભવિતતા દર્શાવી. પાયલોટ તબક્કા પછી, પોર્ટલનો ક્રમશઃ વિસ્તાર કરવામાં આવ્યો અને ઓક્ટોબર ૨૦૨૫ થી તમામ મુખ્ય મોડ્યુલો કાર્યરત થઈ ગયા. અમલીકરણના ટૂંકા ગાળામાં, આ પ્લેટફોર્મ એક વ્યાપક ઓડિટ મેનેજમેન્ટ સિસ્ટમ તરીકે ઉભરી આવ્યું છે જે ઓડિટ પ્લાનિંગ અને એન્ગેજમેન્ટ એપ્રૂવલ્સથી લઈને ઓડિટ ઓબ્ઝર્વેશન, એક્શન ટેકન રિપોર્ટ્સ (ATRs), પેરા સેટલમેન્ટ અને રેકોર્ડ્સના આર્કાઈવલ સુધીના સંપૂર્ણ ઓડિટ જીવનચક્રને સપોર્ટ કરવા માટે સક્ષમ છે.

**પોર્ટલના ઉદ્દેશ્યો**

રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલ નીચેના ઉદ્દેશ્યો સાથે વિકસાવવામાં આવ્યું છે:

- કાર્યક્ષમતા, પારદર્શિતા અને જવાબદારી સુધારવા માટે સમગ્ર આંતરિક ઓડિટ પ્રક્રિયાને ડિજિટાઈઝ અને સરળ બનાવવી.
- ઓડિટ યુનિટ્સ, ઓડિટ ઓબ્ઝર્વેશન, એક્શન ટેકન રિપોર્ટ્સ અને ઓડિટ રેકોર્ડ્સનો સેન્ટ્રલાઈઝ્ડ રેપોઝીટરી બનાવવો.
- ઓડિટ એકમોની પદ્ધતિસરની ઓળખ અને અગ્રતા દ્વારા જોખમ-આધારિત ઓડિટ આયોજન સક્ષમ કરવું.
- ઓડિટ અહેવાલોની જનરેશનને ઓટોમેટ કરવી અને ઓડિટ દસ્તાવેજોનું પ્રમાણીકરણ કરવું.
- અમલીકરણના જોખમો અને પ્રણાલીગત નબળાઈઓને ઓળખવા માટે એનાલિટિક્સ અને ઉભરતી તકનીકોનો લાભ લેવો.
- ઓડિટ પ્રગતિ, અનુપાલનની સ્થિતિ અને મંજૂરીના વર્કફ્લોની રિયલ-ટાઈમ દેખરેખની સુવિધા આપવી.
- આંતરિક ઓડિટ હસ્તક્ષેપોના આઉટપુટ અને પરિણામોનું મૂલ્યાંકન કરવું.
- પેપરલેસ અને પર્યાવરણીય રીતે ટકાઉ શાસન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું.

**ટેકનોલોજી આર્કિટેક્ચર અને સિક્યુરિટી ફ્રેમવર્ક**

રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલ ડિજિટલ ગવર્નન્સ માટે ભારત સરકારના ધોરણોને અનુરૂપ આધુનિક, સ્કેલેબલ અને સુરક્ષિત ટેકનોલોજી આર્કિટેક્ચરનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) ના ટેકનિકલ સપોર્ટ સાથે હોસ્ટ અને મેનેજ કરવામાં આવે છે અને તેમાં ગીટ-આધારિત (Git-based) વર્ઝન કંટ્રોલ સિસ્ટમ્સ અને કંટીન્યુઅસ ઈન્ટીગ્રેશન/કંટીન્યુઅસ ડિપ્લોયમેન્ટ (CI/CD) વર્કફ્લો સહિત સમકાલીન સોફ્ટવેર એન્જિનિયરિંગ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. અલગ ડેવલપમેન્ટ, યુઝર એક્સેપ્ટન્સ ટેસ્ટિંગ (UAT) અને પ્રોડક્શન એન્વાયરમેન્ટ્સ અપડેટ્સના નિયંત્રિત જમાવટ અને અવિરત કામગીરીને સુનિશ્ચિત કરે છે. પોર્ટલ આર્કિટેક્ચરમાં એક વ્યાપક સિક્યુરિટી ફ્રેમવર્ક સંકલિત કરવામાં આવ્યું છે. મુખ્ય તત્વોમાં રોલ-આધારિત એક્સેસ કંટ્રોલ, સેન્ટ્રલાઈઝ્ડ મોનિટરિંગ સિસ્ટમ્સ, સિક્યોર API-આધારિત ઈન્ટીગ્રેશન્સ, ઓટોમેટેડ એક્સેપ્શન હેન્ડલિંગ, સંપૂર્ણ ઓડિટ લોગીંગ, સમયાંતરે સુરક્ષા મૂલ્યાંકન અને દૈનિક બેકઅપ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. કટોકટી પુનઃપ્રાપ્તિ (ડિઝાસ્ટર રિકવરી) પ્રોટોકોલ્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જેથી વ્યવસાયની સાતત્યતા અને જટિલ ઓડિટ ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. આ આર્કિટેક્ચરને ભવિષ્ય માટે તૈયાર પ્લેટફોર્મ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે જે જોખમ મૂલ્યાંકન, ઓડિટ અગ્રતા અને નિર્ણય સપોર્ટ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, અદ્યતન એનાલિટિક્સ અને મશીન લર્નિંગ ટૂલ્સને સંકલિત કરવા સક્ષમ છે.

**મુખ્ય લક્ષણો**

રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલ વિધેયોનો એક વ્યાપક સ્યુટ ઓફર કરે છે જે ઓડિટ જીવનચક્રના દરેક તબક્કાને સપોર્ટ કરે છે.

- એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ઓડિટ મેનેજમેન્ટ: આ પોર્ટલ યુઝર રજીસ્ટ્રેશન, ઓડિટ પ્લાનિંગ, ઓડિટ એન્ગેજમેન્ટની તૈયારી, ઓડિટ મેમોરેન્ડા જારી કરવા, ઓડિટ ઓબ્ઝર્વેશન, રિપોર્ટની તૈયારી, મંજૂરીઓ અને રેકોર્ડ મેનેજમેન્ટ સહિત ઓડિટ પ્રવૃત્તિઓના સંપૂર્ણ ઓનલાઈન મેનેજમેન્ટની સુવિધા આપે છે.
- એક્શન ટેકન રિપોર્ટ્સ અને પેરા સેટલમેન્ટ: ઓડિટીઝ (જેમનું ઓડિટ થઈ રહ્યું છે તે) પોર્ટલ દ્વારા સહાયક દસ્તાવેજો સાથે એક્શન ટેકન રિપોર્ટ્સ સબમિટ કરી શકે છે. ઓડિટર્સ પ્રતિભાવોની તપાસ કરી શકે છે, અવલોકનો જણાવી શકે છે અને હાસલ કરેલા અનુપાલનના આધારે ઓડિટ પેરાને ડિજિટલી સેટલ (ઉકેલ) કરી શકે છે.
- સેન્ટ્રલાઈઝ્ડ ઓડિટ રેપોઝીટરી: આ પ્લેટફોર્મ ઓડિટ રેકોર્ડ્સ, અવલોકનો, અહેવાલો અને અનુપાલન પ્રતિભાવોનો વ્યાપક ડિજિટલ ભંડાર જાળવે છે. ભવિષ્યના સંદર્ભ, સંસ્થાકીય શિક્ષણ અને વલણ વિશ્લેષણ માટે ઐતિહાસિક ઓડિટ માહિતી સરળતાથી સુલભ રહે છે.
- રોલ-આધારિત ગવર્નન્સ ફ્રેમવર્ક: ઓડિટર્સ, ઓડિટીઝ, મંજૂર કરનાર સત્તાધિકારીઓ, પ્રોગ્રામ ડિવિઝન, રાજ્ય સરકારો, જિલ્લા સ્તરના વપરાશકર્તાઓ અને પ્રમાણિત આંતરિક ઓડિટર્સને સમર્પિત એક્સેસ પ્રદાન કરવામાં આવે છે. આ તમામ હિતધારકો દ્વારા સુરક્ષિત અને સંરચિત ભાગીદારી સુનિશ્ચિત કરે છે.
- રિયલ-ટાઈમ મોનિટરિંગ અને એનાલિટિક્સ: ઈન્ટરેક્ટિવ ડેશબોર્ડ્સ ઓડિટ કવરેજ, બાકી અવલોકનો, છઈ અનુપાલન, નાણાકીય ગેરરીતિઓ, ઓડિટ પ્રદર્શન અને અમલીકરણના વલણો પર રિયલ-ટાઈમ માહિતી પ્રદાન કરે છે. નિર્ણય નિર્માતાઓ બહુવિધ વહીવટી સ્તરો પર એકીકૃત માહિતી મેળવી શકે છે.
- મેપ વ્યુ દ્વારા જીઓસ્પેશિયલ મોનિટરિંગ: પોર્ટલની સૌથી નવીન વિશેષતાઓમાંની એક મેપ વ્યુ મોડ્યુલ (MapViewModule) છે, જે સમગ્ર ભારતમાં ઓડિટ પ્રવૃત્તિઓનું જીઓસ્પેશિયલ વિઝ્યુલાઈઝેશન પૂરું પાડે છે. આ મોડ્યુલ એક સાહજિક નકશા-આધારિત ઈન્ટરફેસ દ્વારા ઓડિટ કવરેજ, ઓડિટ ટીમોની તૈનાત, પેરા સેટલમેન્ટ સ્થિતિ અને અનુપાલન પ્રતિભાવોની દેખરેખને સક્ષમ કરે છે. મહત્ત્વની વાત એ છે કે, આ મોડ્યુલ એવા ઓડિટ એકમોને ઓળખે છે જેમનું ક્યારેય ઓડિટ કરવામાં આવ્યું નથી, જેથી લક્ષિત હસ્તક્ષેપો, સંસાધનોની શ્રેષ્ઠ તૈનાત અને ઓડિટ પ્રવૃત્તિઓની જોખમ-આધારિત અગ્રતા સક્ષમ બને છે.
- બહુભાષી અને યુઝર-ફ્રેન્ડલી ઈન્ટરફેસ: પોર્ટલને સાહજિક વર્કફ્લો, સંરચિત નેવિગેશન અને યુઝર-ફ્રેન્ડલી ઈન્ટરફેસ દ્વારા ઉપયોગમાં સરળતા અને વ્યાપક સુલભતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અદ્યતન એનાલિટિક્સ: મંત્રાલય પોર્ટલ ઈકોસિસ્ટમમાં AI-સક્ષમ વિધેયોને ક્રમશઃ સંકલિત કરી રહ્યું છે. આ ક્ષમતાઓ બુદ્ધિશાળી ઓડિટ આયોજન, ઉચ્ચ જોખમ ધરાવતી સંસ્થાઓની ઓળખ, અનુમાનિત વિશ્લેષણ (predictive analytics), પેટર્ન ઓળખ અને પુરાવા-આધારિત નિર્ણય લેવામાં સપોર્ટ કરે તેવી અપેક્ષા છે. AI-સંચાલિત ઓડિટ સહાયની રજૂઆત એ મંત્રાલયની અંદર ડિજિટલ ઓડિટ ગવર્નન્સના ઉત્ક્રાંતિમાં આગામી તબક્કો દર્શાવે છે.

**અસર અને પરિણામો**

રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલના અમલીકરણના પરિણામે ઓડિટ વહીવટ અને શાસનના પરિણામોમાં નોંધપાત્ર સુધારો થયો છે. આ પોર્ટલે ઓડિટ રિપોર્ટિંગ પદ્ધતિઓનું પ્રમાણીકરણ કર્યું છે અને વિવિધ કાર્યક્રમો અને સ્થાનો પર ઓડિટ અવલોકનોના સંચાલન માટે એક સમાન માળખું સ્થાપિત કર્યું છે. ઓડિટ રેકોર્ડ્સ હવે ડિજિટલી જાળવવામાં આવે છે, જે બહેતર ટ્રેસેબિલિટી, સુલભતા અને સંસ્થાકીય જ્ઞાનની જાળવણી સુનિશ્ચિત કરે છે. રિયલ-ટાઈમ મોનિટરિંગ ક્ષમતાઓએ દેખરેખમાં નોંધપાત્ર સુધારો કર્યો છે અને સમયસર હસ્તક્ષેપ સક્ષમ કર્યો છે. એક્શન ટેકન રિપોર્ટ્સ અને પેરા સેટલમેન્ટ સ્થિતિના ડિજિટલ ટ્રેકિંગ દ્વારા અનુપાલન વ્યવસ્થાપન વધુ પારદર્શક બન્યું છે. આ પ્લેટફોર્મે ભૌતિક રેકોર્ડ્સ, મેન્યુઅલ પત્રવ્યવહાર અને વિખરાયેલા સંચાર ચેનલો પરની નિર્ભરતા ઘટાડી છે. ઓટોમેટેડ વર્કફ્લોએ મંજૂરીઓને વેગ આપ્યો છે, પ્રક્રિયાગત વિલંબને ન્યૂનતમ કર્યો છે અને હિતધારકો વચ્ચે સંકલન સુધાર્યું છે. એનાલિટિકલ ડેશબોર્ડ્સની ઉપલબ્ધતાએ વલણો ઓળખવા, જોખમોનું મૂલ્યાંકન કરવા અને અમલીકરણની ગુણવત્તા પર નજર રાખવાની મંત્રાલયની ક્ષમતામાં વધારો કર્યો છે. પરિણામે, આંતરિક ઓડિટ માત્ર એક અનુપાલન-કેન્દ્રિત કવાયતમાંથી કાર્યક્રમની અસરકારકતા અને શાસન સુધારણાઓને ટેકો આપતા વ્યૂહાત્મક સંચાલન સાધનમાં વિકસિત થયું છે.

**રાષ્ટ્રીય માન્યતા અને દત્તક ગ્રહણ**

રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલની સફળતાએ મોડેલ ડિજિટલ ગવર્નન્સ પહેલ તરીકે રાષ્ટ્રીય સ્તરે માન્યતા મેળવી છે. તેની પરિવર્તનકારી ક્ષમતાની સ્વીકૃતિમાં, નાણાં મંત્રાલય, ખર્ચ વિભાગ, કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) ની કચેરીએ ઓફિસ મેમોરેન્ડમ નંબર I-104/3/2024-ITD-CGA/E-19878/621A તારીખ ૦૯ ડિસેમ્બર ૨૦૨૫ જારી કરીને સિવિલ મંત્રાલયો અને વિભાગોની તમામ પ્રિન્સિપલ ચીફ કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ (Pr. CCA), ચીફ કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ (CCA) અને કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ (CA) ની કચેરીઓમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયના ઈન્ટરનલ ઓડિટ મોડ્યુલના અમલીકરણ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ ઓફિસ મેમોરેન્ડમે રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલને જોખમ-આધારિત અને અનુપાલન ઓડિટ બંનેને આવરી લેતા આંતરિક ઓડિટના એન્ડ-ટુ-એન્ડ મેનેજમેન્ટ માટેના પ્રથમ યુનિફાઈડ ડિજિટલ પ્લેટફોર્મ તરીકે માન્યતા આપી હતી. તેણે ઓડિટ પ્લાનિંગ, એન્ગેજમેન્ટ એપ્રૂવલ્સ, ઓડિટ મેમોરેન્ડા, ઓબ્ઝર્વેશનના રિયલ-ટાઈમ મેનેજમેન્ટ, પેરા-વાઈઝ ફાઈનાન્સિયલ ટ્રેકિંગ, ઓડિટ રિપોર્ટ જનરેશન અને એક્શન ટેકન રિપોર્ટ્સના ડિજિટલ પ્રોસેસિંગમાં પોર્ટલની ક્ષમતાઓને હાઈલાઈટ કરી હતી. આ માન્યતા ભારતમાં ડિજિટલ પબ્લિક ફાઈનાન્સિયલ મેનેજમેન્ટના ઉત્ક્રાંતિમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને સરકારમાં આંતરિક ઓડિટ શાસનને મજબૂત કરવા માટે રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલને બેન્ચમાર્ક પ્લેટફોર્મ તરીકે સ્થાપિત કરે છે.

**ભવિષ્યની રાહ**

ગ્રામીણ વિકાસ મંત્રાલય રૂરલ ઈન્ટરનલ ઓડિટ પોર્ટલને સતત વિકસતા પ્લેટફોર્મ તરીકે જુએ છે જે શાસન અને જવાબદારીને મજબૂત કરવા માટે ઉભરી રહેલી તકનીકોનો વધુને વધુ લાભ લેશે. ભવિષ્યના સુધારાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ઊંડું સંકલન, અદ્યતન જોખમ-સ્કોરિંગ પદ્ધતિઓ, અનુમાનિત વિશ્લેષણ, બુદ્ધિશાળી ઓડિટ આયોજન સાધનો અને ઉન્નત વ્યવસ્થાપન ડેશબોર્ડ્સનો સમાવેશ થાય છે. આ નવીનતાઓ પુરાવા-આધારિત શાસનને ટેકો આપવાની સાથે આંતરિક ઓડિટની ગુણવત્તા, કાર્યક્ષમતા અને વ્યૂહાત્મક સુસંગતતામાં વધુ સુધારો કરશે.

# કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં ઐતિહાસિક AVC મેન્સ વોલીબોલ કપમાં બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય ટુકડીનું સન્માન કર્યું

**ભારતે પુલ સ્ટેજમાં અપરાજિત ઝુંબેશ પછી પ્રથમ છફઝ મેન્સ વોલીબોલ કપ બ્રોન્ઝ મેડલ સાથે ઇતિહાસ રચ્યો**



કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ AVC મેન્સ વોલીબોલ કપ ૨૦૨૬માં દેશનો સૌપ્રથમ મેડલ સુરક્ષિત કરીને ઈતિહાસ રચનારી ભારતીય ટુકડીનું ગાંધીનગરમાં સન્માન કર્યું હતું. ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને સહાયક સ્ટાફને અભિનંદન આપતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "આ મેડલ ઐતિહાસિક છે, પરંતુ આ માત્ર એક શરૂઆત હોવી જોઈએ. દરેક સિદ્ધિ વધુ મોટી જવાબદારી અને ઉચ્ચ અપેક્ષાઓ લઈને આવે છે. સરકારની દરેક નીતિ, દરેક રોકાણ અને દરેક પ્રયાસનો ઉદ્દેશ્ય આપણા રમતવીરોને તેમની સંપૂર્ણ ક્ષમતાનો અહેસાસ કરાવવામાં અને આંતરરાષ્ટ્રીય મંચ પર સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં મદદ કરવાનો છે." ભારતના અસાધારણ પ્રદર્શનની રૂપરેખા આપતા, કેન્દ્રીય રમતગમત મંત્રીએ જણાવ્યું હતું કે હોમ ગ્રાઉન્ડ પર ઐતિહાસિક પોડિયમ ફિનિશ (મેડલ) મેળવવો એ દેશમાં વોલીબોલના સતત થઈ રહેલા વિકાસને પ્રતિબિંબિત કરે છે અને મોટી આંતરરાષ્ટ્રીય રમતગમત ઈવેન્ટ્સનું આયોજન કરવાની દેશની ક્ષમતા દર્શાવે છે. AVC મેન્સ વોલીબોલ કપ એ એશિયામાં પ્રીમિયર વાર્ષિક ખંડીય પુરુષોની વોલીબોલ સ્પર્ધા છે. ૨૦૨૬ની આ આવૃત્તિ પ્રથમ પ્રસંગ છે જ્યારે ભારતે આ ટૂર્નામેન્ટની યજમાની કરી છે, જે દેશના સ્પોર્ટીંગ કેલેન્ડરમાં વધુ એક મહત્વપૂર્ણ પ્રકરણ ઉમેરે છે. ૧૪ પસંદગીના ખેલાડીઓ ધરાવતી ભારતીય રાષ્ટ્રીય ટીમ અને સર્બિયાના કોચ ડૉક્ટર ડ્રેગન મિહાઈલોવિચે આજે કેપ્ટન જેરોમ વિનીત ચાર્લ્સના નેતૃત્વમાં ગાંધીનગરમાં કેન્દ્રીય રમતગમત મંત્રી સાથે મુલાકાત કરી હતી. ડૉ. માંડવિયાએ ખેલાડીઓને તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે મોદી સરકાર લાંબા ગાળાના આયોજન, એકેડેમી વિકાસ, પ્રતિભાની ઓળખ, સ્પોર્ટ્સ સાયન્સનો વધુ ઉપયોગ, રમતવીરોના કલ્યાણ અને ઉત્તમ આંતરરાષ્ટ્રીય એક્સપોઝર દ્વારા એક મજબૂત રમતગમત ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહી છે. તેમણે વધુમાં પુનરોચ્ચાર કર્યો હતો કે ભારતનું રમતગમત વિઝન વિવિધ રમત શાખાઓમાં સતત ઉત્કૃષ્ટતા લાવવા અને દેશને વિશ્વના અગ્રણી રમતગમત રાષ્ટ્રોમાં સ્થાપિત કરવા પર કેન્દ્રિત છે. ભારતીય વોલીબોલના ભવિષ્યમાં વિશ્વાસ વ્યકત કરતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે ટીમની આ ઐતિહાસિક સિદ્ધિ દેશભરના યુવા રમતવીરોને પ્રેરણા આપશે અને તમામ સ્તરે આ રમતના વિકાસને નવી ગતિ પ્રદાન કરશે. આ ટૂર્નામેન્ટમાં ભારતે સમગ્ર શ્રેણી દરમિયાન પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું, જેમાં પૂલ સ્ટેજ દરમિયાન ટીમ અજેય રહી હતી અને એશિયાની કેટલીક મજબૂત ટીમો સામે સાતત્ય અને સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી. ત્યારબાદ બ્રોન્ઝ મેડલ માટેના પ્લે-ઓફ મુકાબલામાં ટીમે બહેરીનને ૩-૧ થી હરાવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો, જે AVC મેન્સ વોલીબોલ કપના ઈતિહાસમાં ભારતનો અત્યાર સુધીનો પ્રથમ મેડલ અને સર્વશ્રેષ્ઠ ફિનિશ છે. ટીમ વતી બોલતા, કેપ્ટન જેરોમ વિનીત ચાર્લ્સે ભારત સરકાર દ્વારા મળેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને આ ઐતિહાસિક મેડલ દેશના લોકોને સમર્પિત કર્યો હતો. તેમણે કહ્યું, "સરકાર તરફથી મળેલા અતૂટ સમર્થન માટે અમે ખૂબ જ આભારી છીએ.

વિશ્વકક્ષાની સુવિધાઓ, તાલીમનું વાતાવરણ, રિકવરીની વ્યવસ્થાઓ અને એકંદર સમર્થનથી અમને અમારી રમત પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાની તક મળી." તેમણે વધુમાં ઉમેર્યું, "આ ઐતિહાસિક મેડલ માત્ર અમારો નથી પરંતુ દેશના એ દરેક નાગરિકનો છે જેમણે સ્ટેડિયમ ભરી દીધું અને સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન અમારો ઉત્સાહ વધાર્યો. તેમના પ્રોત્સાહને જ અમને દરેક પોઈન્ટ માટે લડવાની તાકાત આપી." મુખ્ય કોચ ડ્રેગન મિહાઈલોવિચે ભારતીય રમતગમત માટે સરકારના લાંબા ગાળાના વિઝનની પ્રશંસા કરી હતી અને આંતરરાષ્ટ્રીય રમતગમત મંચ પર ભારતના ભવિષ્ય અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

"ભારતીય રમતગમત જે દિશામાં આગળ વધી રહી છે તે અત્યંત પ્રોત્સાહક છે. આયોજન, રોકાણ અને એથ્લેટ સપોર્ટ સિસ્ટમ જે સરકારે પહેલેથી જ ગોઠવી દીધી છે અને જેનું આયોજન કરવામાં આવી રહ્યું છે, તે જ હાઈ-પર્ફોર્મન્સ રમત માટે જરૂરી છે. જો આ ગતિ ચાલુ રહેશે, તો મને ખાતરી છે કે ભારત નિયમિતપણે દરેક મોટી આંતરરાષ્ટ્રીય રમતગમત ઈવેન્ટમાં પોડિયમ પર સ્થાન મેળવશે." બ્રોન્ઝ મેડલ જીતવાથી ભારતને મૂલ્યવાન FIVB વર્લ્ડ રેન્કિંગ પોઈન્ટ્સ મળ્યા છે, જેના પરિણામે ભારતીય પુરુષોની ટીમ ૧૮ સ્થાનની છલાંગ લગાવીને વર્લ્ડ નં. ૬૦ થી વર્લ્ડ નં. ૪૨ પર પહોંચી ગઈ છે, જે વૈશ્વિક વોલીબોલ મંચ પર ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

# ગુજરાત અને હરિયાણા વિધાનસભાની અરજી સમિતિની ગાંધીનગર ખાતે સંયુક્ત બેઠક યોજાઈ

**લોકતાંત્રિક પરંપરાઓ, સંસદીય કાર્યપ્રણાલી અને પ્રજાના પ્રશ્નોના પારદર્શક નિવારણ અંગે ચર્ચા કરાઈ**





કમલમ્,

ગુજરાત વિધાનસભા ખાતે આજે ગુજરાત અને હરિયાણા વિધાનસભાની અરજી સમિતિની સંયુક્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને રાજ્યોની સમિતિઓ વચ્ચે લોકતાંત્રિક પરંપરાઓ, સંસદીય કાર્યપ્રણાલી અને પ્રજાના પ્રશ્નોના પારદર્શક નિવારણ અંગે સકારાત્મક ચર્ચા-વિચારણા અને અનુભવોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને હરિયાણા બંને રાજ્યોની ઓળખ સમૃદ્ધ સંસ્કૃતિ અને મજબૂત લોકતાંત્રિક પરંપરાઓથી છે. હરિયાણાની ધરતી જ્યાં વીરતા અને રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટતા માટે જાણીતી છે, ત્યાં ગુજરાત પોતાની ઉદ્યમીતા, વ્યાપારિક દ્રષ્ટિ અને સાંસ્કૃતિક વિવિધતા માટે વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ છે. બંને રાજ્યોએ ભારતની લોકતાંત્રિક યાત્રામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. અરજી સમિતિની ભૂમિકા અંગે ભાર મૂકતા તેમણે જણાવાયું હતું કે, આ સમિતિ જનતાના અવાજને સીધો જ વિધાનસભા સુધી પહોંચાડવાનું અને નાગરિકોની સમસ્યાઓ તેમજ ફરિયાદો સાંભળી તેના નિવારણ માટે નક્કર પગલાં ઉઠાવવાનું સશક્ત માધ્યમ છે. બંને રાજ્યોની આ સમિતિઓ નિયમોની સમજ, કાર્યપ્રણાલીની પારદર્શિતા અને પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે સમાન પ્રતિબદ્ધતા ધરાવે છે. હરિયાણા અરજી સમિતિના અધ્યક્ષ શ્રી વિનોદ ભયાનાએ જણાવ્યું હતું કે, આંતરરાજ્ય મુલાકાતોનો મુખ્ય હેતુ બંને સમિતિઓની કામગીરી અને વિચારોના આદાન-પ્રદાન દ્વારા સંસદીય પ્રણાલીને વધુ સુદ્રઢ બનાવવાનો છે.

આ પ્રક્રિયાથી બંને રાજ્યો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે અને સમિતિ સમક્ષ આવતી જનતાની ફરિયાદો તેમજ પ્રશ્નોનું વધુ સચોટ, સકારાત્મક અને યોગ્ય નિવારણ લાવી શકાશે, જેથી પ્રજાલક્ષી કાર્યોને વધુ વેગ મળશે. હરિયાણાની વીરતા અને રમતગમત ક્ષેત્રની વિશેષતા તેમજ ગુજરાતની વ્યાપારિક કુશળતાનો સમન્વય કરી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના હેઠળ પરસ્પર સંબંધો વધુ મજબૂત કરવા પર આ બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં હરિયાણા અરજી સમિતિના સભ્ય શ્રી શકુંતલા ખટક, સભ્ય શ્રી લક્ષ્મણ સિંહ યાદવ અને સભ્ય શ્રી ચંદ્ર પ્રકાશ, ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલ, શ્રી કાળુભાઈ ડાભી, વિધાનસભા સચિવાલયના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબેન મહેતા, ઉપસચિવ શ્રી ચિરાગ પટેલ તથા અરજી સમિતિના સમિતિ સચિવ અને ઉપસચિવ શ્રી પાર્થ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

